**<u>મહેસાણાના મે.ચોથા એડીશ્નલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.મહેસાણા.</u>**

**ફોજદારી પરચુરણ અરજી નં.૨૫૯/૨૦૨૬**

**આંક–૮**

**પ્રજાપતિ અરવિંદભાઇ રમણભાઇ કેશાભાઇ**
ઉ.વ.આ.૪૦, ધંધો–મજુરી,
રહે.૧, રેલ્વે ફાટક પાસે, તા.બાયડ, જી.અરવલ્લી.
મુળ રહે.પ્રજાપતિવાસ, મુ.ગોરાઆંજણા,
તા.તલોદ,જી.સાબરકાંઠા.
(અરજદાર હાલ મહેસાણા જીલ્લા જેલમાં છે.) .........**અરજદાર**

**<u>વિરૂધ્ધ</u>**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત .......સામાવાળા**

**<u>બાબત:</u>** **બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અંગેની અરજી...**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

| | |
|---|---|
| અરજદાર તરફે | : વિ.વ.શ્રી એમ.એન.મલીક |
| સામાવાળા સરકારશ્રી તરફે | : વિ.એ.પી.પી.કુ.આર.કે.જોષી |

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**–// <u>ચુ કા દો</u> //–**

(૧) અરજદાર/આરોપી વિરૂધ્ધ મહેસાણા શહેર 'બી' ડીવી. પો.સ્ટે. પાર્ટ–એ નં.૧૧૨૦૬૦૪૫૨૬૦૦૯૧/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૫૪ મુજબના ગુના નોંધાયેલ હોઇ અને સદર ગુનાના કામે તેઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોઇ, અરજદારે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવા માટે હાલની આ અરજી કરેલી છે.

અરજદારની અરજી દાખલ કરી, સામાવાળા સરકારશ્રીને

નોટીસ કરવામાં આવતા, સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.કુ. આ.કે.જોષી હાજર થયેલ છે અને તેઓએ પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું આંક–૭ થી રજુ કરેલ છે. હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ફરીયાદ હકીકત ચુકાદામાં દોહરાવવામાં આવેલ નથી.

(૨) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે અને કહેવાતો કોઇજ ગુનો કરેલ નથી. અરજદાર/આરોપી કંઇ જાણતા ન હોવા છતાં પોલીસે અરજદારને ખોટી રીતે શકના આધારે સદર ગુનાના કામે સંડોવી દીધેલા છે. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે અરજદાર/આરોપીએ ફરીયાદમાં દર્શાવ્યા મુજબનું કોઇ કૃત્ય કરેલ નથી તેમજ અરજદાર/આરોપી પાસેથી કોઇ મુદ્દામાલ પકડાયેલ નથી. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે ગુનાના કામ સબબ સહઆરોપીઓને ક્રિ.પ.અ.નં.૧૮૨/૨૦૨૬ તથા ૨૦૯/૨૦૨૬ ના કામે ના.સેસન્સ કોર્ટ ધ્વારા આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવેલા છે ત્યારે પેરીટીના ધોરણે પણ અત્રેની અરજી મંજુર થવાને પાત્ર છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે ગુના સબબની મહત્તમ સજાની જોગવાઇ આજીવન કારાવાસ કે દેહાંત દંડ નથી. તેઓએ વધુમાં જણાવેલ છે કે અરજદાર/આરોપી મુળ  સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના ગોરાઆંજણા ગામના કાયમી રહેવાસી છે અને હાલ અરવલ્લી જીલ્લાના બાયડ ગામે રહે છે, કુટુંબ કબીલાવાળા વ્યકિત છે, કોઇ લાંબો બહોળો ગુનાહીત ઇતિહાસ ધરાવતા નથી,  જેથી કયાંય નાસી ભાગી

જાય તેમ નથી. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે અરજદાર/ આરોપી નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે શરતોનું ચુસ્તપણે પાલન કરવાની ખાતરી આપે છે, જે તમામ હકીકતો ધ્યાને લઇ અરજદાર/આરોપીની અરજી મંજુર કરી, જામીન ઉપર મુકત કરવા દલીલ કરેલી છે.

(૩) સામાવાળા શ્રી સરકાર તર્ફે વિ.એ.પી.પી.કુ.આર.કે.જોષીએ જામીન અરજીનો સખ્ત વિરોધ કરી, દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/ આરોપી સામે બી.એન.એસ.ની કલમ-૩૧૬(૨), ૩૧૮(૪), ૫૪ મુજબના ગંભીર ગુનાના આક્ષેપ છે અને તેઓ સામે પ્રાઇમાફેસી કેસ છે. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે અરજદાર/આરોપી તેમજ સહઆરોપીઓ સામેનો મુખ્યત્વે આક્ષેપ જોવામાં આવે તો આ કામના પકડાયેલ અરજદાર/આરોપી પ્રજાપતિ અરવિંદભાઇ રમણભાઈ, રહે.બાયડ, જી.અરવલ્લી તથા આરોપી ગોસ્વામી ભાવીકકુમાર મુકેશભારથી, રહે.નુગર,તા.જી.મહેસાણાવાળા ઓએ તા. ૧૦/૧૧/૨૫ ના રોજ મહેસાણા ટાઉનમાં અંબિકા સર્વીસ સ્ટેશનથી અર્ટીગા ગાડી રજી.નં.જીજે.૦૨ડીએમ.૭૮૭૬ ની પંદર દિવસ માટે ભાડેથી મેળવી, એકાદ મહીનો રાખી, અવાર નવાર ભાડાના નાણાં રોકડા તેમજ ખાતામાં ઓનલાઇન મોકલી આપી, ભરોસો કેળવી, તા.૧૧/૧૨/૨૦૨૫ ના રોજ ફરીયાદીને અરજદાર/ આરોપી પ્રજાપતિ અરવિંદભાઇ નાઓએ અર્ટીગા ગાડી પરત લઇ જવા હિંમતનગર બોલાવી, ફરીયાદીએ અવાર નવાર ફોન કરતા ફોન નહી ઉપાડી, અર્ટીગા ગાડી પરત આપવાનો ભરોસો આપી, ફરીયાદીની અર્ટીગા

ગાડી, અરજદાર/આરોપી અરવિંદભાઇ પ્રજાપતિએ પોતાની માલીકીની હોવાનું જણાવી, વજરાજસિંહ નરેન્દ્રસિંહ ભાટી નાઓને રૂા.૩,૦૦,૦૦૦/– માં ગીરો વેચાણ કરી નાખી, ફરીયાદી સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી, ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, નાસી જઇ તેમજ આ અર્ટીગા ગાડી દલાલ ભાટી નરેન્દ્રસિંહ હિતેન્દ્રીસંહ નાઓએ, અરજદાર/આરોપી પ્રજાપતિ અરવિંદભાઇનો આક્ષેપિત વનરાજસિંહ નરેન્દ્રસિંહ ભાટી સાથે સંપર્ક કરાવી, ગાડીની દલાલી કરાવી, બી.એન.એસ.ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૫૪ મુજબના ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે આ કામના સહઆરોપીઓ કે જેઓને ના.સેસન્સ કોર્ટ ધ્વારા આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવેલા છે, તેઓનો રોલ, હાલના અરજદાર/આરોપી કરતા જુદો હોઇ, અરજદાર/આરોપીએ ફરીયાદીની અર્ટીગા ગાડી ભાડેથી મેળવી ફરીયાદીની જાણ બહાર વનરાજસિંહ ભાટીનાઓને રૂા.૩,૦૦,૦૦૦/– માં ગીરો/વેચાણ કરી નાખી, ફરીયાદી સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરેલ હોઇ, અરજદાર/આરોપી તે મુખ્ય આરોપી છે, જેથી અરજદાર/આરોપીને પેરીટીનો લાભ મળવા પાત્ર નથી. તેઓએ વધુમાં જણાવેલ છે કે ગુનાના કામ સબબ અર્ટીગા ગાડી રીકવર કરવાની બાકી છે, ગુના સબબની તપાસ હજી ચાલુ છે જેથી અરજદાર/આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો નાસી ભાગી જાય અને પુરાવા સાથે છેડછાડ કરે તેવી પુરેપુરી શકયતા રહેલી છે જેથી અરજદાર/આરોપી સામેના આક્ષેપો, ગુનાની ગંભીરતા લક્ષમાં લઇ અત્રેની

અરજી નામંજુર થવા પાત્ર છે.

(૪) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો, અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તથા ત.ક.અધિ.શ્રીનું સોગંદનામું વંચાણે લીધુ.

પોલીસ તપાસના કાગળો વંચાણે લેતાં અરજદાર/આરોપી તેમજ સહઆરોપીઓ સામેનો મુખ્યત્વે આક્ષેપ જોવામાં આવે તો **અરજદાર/આરોપી પ્રજાપતિ અરવિંદભાઇ રમણભાઈ, રહે.બાયડ, જી.અરવલ્લી તથા આરોપી ગોસ્વામી ભાવીકકુમાર મુકેશભારથી, રહે.નુગર,તા.જી.મહેસાણાવાળા ઓએ તા. ૧૦/૧૧/૨૫ ના રોજ મહેસાણા ટાઉનમાં અંબિકા સર્વીસ સ્ટેશનથી અર્ટીગા ગાડી રજી.નં.જીજે.૦૨ડીએમ.૭૮૭૬ ની પંદર દિવસ માટે ભાડેથી મેળવી, એકાદ મહીનો રાખી, અવાર નવાર ભાડાના નાણાં રોકડા તેમજ ખાતામાં ઓનલાઇન મોકલી આપી, ભરોસો કેળવી, તા.૧૧/૧૨/૨૦૨૫ ના રોજ ફરીયાદીને અરજદાર/ આરોપી પ્રજાપતિ અરવિંદભાઇ નાઓએ અર્ટીગા ગાડી પરત લઇ જવા હિંમતનગર બોલાવી, ફરીયાદીએ અવાર નવાર ફોન કરતા ફોન નહી ઉપાડી, અર્ટીગા ગાડી પરત આપવાનો ભરોસો આપી, ફરીયાદીની અર્ટીગા ગાડી, અરજદાર/આરોપી અરવિંદભાઇ પ્રજાપતિએ પોતાની માલીકીની હોવાનું જણાવી, વજરાજસિંહ નરેન્દ્રસિંહ ભાટી નાઓને રૂા.૩,૦૦,૦૦૦/- માં ગીરો વેચાણ કરી નાખી, ફરીયાદી સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી, ગુનો કરવામાં એકબીજાએ મદદગારી**

**કરી, નાસી જઇ તેમજ આ અર્ટીગા ગાડી દલાલ ભાટી નરેન્દ્રસિંહ હિતેન્દ્રીસંહ નાઓએ, અરજદાર/આરોપી પ્રજાપતિ અરવિંદભાઇનો આક્ષેપિત વનરાજસિંહ નરેન્દ્રસિંહ ભાટી સાથે સંપર્ક કરાવી, ગાડીની દલાલી કરાવી, બી.એન.એસ.ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૫૪ મુજબના ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે.**

પોલીસ તપાસના કાગળો તેમજ ત.ક.અધિ.શ્રીનું સોગંદનામું ધ્યાને લેતાં અરજદાર/આરોપીએ ફરીયાદીની અર્ટીગા ગાડી ભાડેથી મેળવી, ફરીયાદીની જાણ બહાર વનરાજસિંહ ભાટીનાઓને રૂા.૩,૦૦,૦૦૦/– માં ગીરો/વેચાણ કરી નાખી, ફરીયાદી સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરેલ હોવાનું અને તે રીતે અરજદાર/આરોપીની ગુનાના કામે પ્રથમ દર્શય સંડોવણી પ્રતિત થાય છે.

સદર ગુનાના કામે સહઆરોપીઓ જેઓને અત્રેની કોર્ટ ધ્વારા ક્રિ.પ.અ.નં. ૧૮૨/૨૦૨૬ તથા ૨૦૯/૨૦૨૬ ના કામમાં આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવેલા છે, તેઓનો રોલ જોવામાં આવે તો, અરજદાર/આરોપી કરતા તદ્દન જુદો છે. અરજદાર/આરોપી તે મુખ્ય આરોપી છે અને અરજદાર/આરોપીએ ફરીયાદીની અર્ટીગા ગાડી ભાડેથી મેળવી, ફરીયાદીની જાણ બહાર વનરાજસિંહ ભાટીનાઓને રૂા.૩,૦૦,૦૦૦/– માં ગીરો/વેચાણ કરેલ છે ત્યારે અરજદાર/ આરોપીનો રોલ સહઆરોપીઓ કરતા જુદો હોઇ તેમજ સહઆરોપીઓને આગોતરા જામીન ઉપર મુકત કરેલા છે તેમજ હાલની

અરજી તે રેગ્યુલર જામીન મેળવવા માટેની છે, જેથી અરજદાર/આરોપીના કિસ્સામાં પેરીટી લાગુ પડતી નથી.

વધુમાં અરજદાર/આરોપીએ ફરીયાદી પાસેથી અર્ટીગા ગાડી ભાડેથી મેળવી, ફરીયાદીની જાણ બહાર વનરાજસિંહ ભાટીનાઓને રૂા.૩,૦૦,૦૦૦/- માં ગીરો/વેચાણ કરી, અરજદાર/આરોપીએ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવાના ઈરાદે ગાડી ભાડેથી મેળવેલ હોવાનું પ્રથમ દર્શનીય ફલીત થાય છે ત્યારે આ પ્રકારના ગુનાને હળવાશથી લઈ શકાય તેમ નથી. સદર ગુનાના કામે અર્ટીગા ગાડી રીકવર કરવાની બાકી છે, ગુના સબબની તપાસ હાલમાં ચાલુ છે ત્યારે જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો, સાક્ષી પુરાવા સાથે છેડછાડ થવાની સંભાવના નકારી શકાય તેમ નથી તેમજ અર્ટીગા ગાડી રીકવર કરવામાં પણ મુશ્કેલી ઉભી થાય અને તપાસના કામે અડચણ ઉભી થવાની શકયતા પણ નકારી શકાય તેમ નથી.

ઉપરોકત તમામ હકીકતો અને અરજદાર/આરોપી સામેના આક્ષેપો, ગુનાની ગંભીરતા, અરજદાર/આરોપીનો રોલ તથા ગુના સબબની સજાની જોગવાઈઓ ધ્યાનમાં લેતાં તેમજ ગુનાના કામે તપાસ હાલમાં ચાલુ છે, જે તમામ હકીકત ધ્યાને લેતાં અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાતું ન હોઈ, નીચે મુજબ આખરી હુકમ ફરમાવું છું.

**-// <u>હુ ક મ</u> //-**

અરજદાર/આરોપીએ જામીન ઉપર મુકત થવા માટે રજુ કરેલ હાલની આ ફોજદારી પરચુ. અરજી નં.૨૫૯/૨૦૨૬ આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૯મી માહે માર્ચ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૯/૦૩/૨૦૨૬ **( એસ. એસ. કાળે )**

સ્થળ : મહેસાણા. ચોથા એડીશ્નલ સેસન્શ જજ, મહેસાણા.

**( કોડ નંબર: જીજે ૦૦૭૫૩)**